Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

12

# ધોરણ-12ના વિદ્યાર્થીઓનુ શૈક્ષણિક સિદ્ધિનો ફુરસદના સમયનો ઉપયોગ અને અભ્યાસ ટેવોનો એક અભ્યાસ

**પ્રો. ઉષા રાઠોડ**

રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

## સારાંશ

વર્તમાન સમયમાં શિક્ષણને લઈને ઘણી સમસ્યાઓ સામે આવી રહી છે. તેમાંય જે તે રાજ્યના શિક્ષણબોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-12 તેમજ જુદી-જુદી સરકારી કર્મચારીઓની ભરતી માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતાના ઓછા પ્રમાણ માટે ઘણા પ્રમાણ માટે ઘણા બધા પરીબળો, સમસ્યાઓ તેમજ પ્રશ્નો ભાગ ભજવતા હોય છે. તેમાંથી એક વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી પણ જવાબદારી બની શકે છે. જો શાળાની વાત કરીએ તો એક જ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જે તે વિષયના શિક્ષક પોતાની કોઈપણ એક જ શૈલી અધ્યાપન પદ્ધતિથી અધ્યાપન કરાવે છે છતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળે છે. આમ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત આવવા પાછળ વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી પણ જવાબદાર હોઈ શકે છે. તેથી વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જવાબદાર છે કે કેમ તે જાણવુ હોય તો વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી જાણવી ખુબ જ જરૂરી છે અને તે પ્રમાણે અધ્યયન કાર્ય હાથ ધરી શકાય.

**ચાવીરૂપ શબ્દો:** ધોરણ-12, શૈક્ષણિક સિદ્ધિ, ફુરસદના સમય, અભ્યાસ ટેવો

## 1. પ્રસ્તાવના

સાંપ્રત યુગ એ વિજ્ઞાનના કદમ પર ચાલતો યુગ છે, વિજ્ઞાને આજે અદ્ભુત શોધો કરીને સમગ્ર વિશ્વની સંસ્કૃતિને ભૌતિકવાદી બનાવી દીધી છે. જેના થકી આજના માનવીએ ભૌતિક સિદ્ધિઓ અને સાધન સંપન્નતાની પાછળ ઘેરી દોટ મૂકી છે. તેમાંથી તેના જીવનમાં અનેક જટિલ સમસ્યાઓ ઉદ્ભવી છે, તેમાંની એક મહત્વની સમસ્યા છે. જે ફુરસદના સમયનો સદુપયોગ કેવી રીતે કરવો ? આજના આધુનિક યુગમાં માનવીને ખૂબ જ યાંત્રિક સહાય મળી છે. વિજ્ઞાનની યાંત્રિક- શોધોથી કોઈ પણ ચીજવસ્તુઓના ઉત્પાદનમાં સતત વધારો થયો છે. ઔધોગિકીકરણના કારણે માનવી પાસે સમયનો બચાવ થયો અને નવરાશનો સમય વધ્યો છે. આવી પરિસ્થિતિમાં જો સમયનો સદુપયોગ ન કરવામાં આવે તો એ ફુરસદનો સમય માનવી માટે શાપ રૂપ બની શકે છે. માનવ શરીર એ યંત્ર તો નથી જ કે જેથી આરામ વગર સતત કામ જ કર્યા કરે. એટલે “Life would not be worth livingifitis.” “All work and no play.”

વર્ષો પહેલા ફુરસદનો સમય મેળવવો મુશ્કેલ હતો કારણ કે તે વખતે ફુરસદ સતત પરિશ્રમને કારણે મળતી ન હતી અને આજકાલ વિજ્ઞાનની મદદથી આ કામ સહજ બન્યું છે. જેથી માનવી પાસે સમયનો બચાવ થાય છે એટલે માનવીને ફુરસદનો સમય પ્રાપ્ત થતો રહે છે.

ભારતમાં લગભગ પાંચ લાખ ગામડાઓ છે જેની સામે શહેરની સંખ્યા પ્રમાણમાં ગણી ઓછી છે. તેમ છતાં શહેરો દેશના વિકાસ અને પ્રગતિ માટે અગત્યનો ભાગ ભજવે છે. મોટા ભાગના ઉધોગો શહેરોમાં વિકાસ પામેલા છે. ગામડામાં લોકોનું જીવન મોટા ભાગે ખેતી પર આધારિત હોય છે. શહેરમાં રહેતા વ્યક્તિઓ આનંદ પ્રમોદ, મોજશોખ તેમજ સાધનો અને સગવડોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે, જ્યારે ગામડાઓમાં આનો મોટા ભાગે અભાવ જોવા મળે છે એટલે શહેરના લોકોને ફુરસદના સમયનો ઉપયોગ કરવા માટેની સારી તકો પ્રાપ્ત થાય છે. જેથી શહેરના લોકો ફુરસદના સમયનો સપયોગ કરતા હોય છે જ્યારે ગામડાના લોકો ફુરસદના સમયનો દુર્વ્યય કરતા રહે છે. અહીં સમસ્યા એ છે કે મહત્તમ સંતોષ મેળવવા ફુરસદનો સમય કેવી રીતે પસાર કરવો ? મતલબ કે વ્યક્તિ તેનો ફુરસદનો સમય સારામાં સારી પ્રવૃત્તિઓમાં પણ ગાળી શકે છે. આ ઉપરાંત આપણે જાણીએ છીએ કે, “Empty mind is the Devil's home."

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

માનવી જયારે નવરાશનો સમય પસાર કરતો હોય ત્યારે ન કરવા જેવા વિચારો કરતો હોય છે. તો ક્યારેક અયોગ્ય પ્રવૃત્તિઓ પણ આચરતો હોય છે, ત્યારે તેનાથી પ્રેરાઈને આજનો વિદ્યાર્થી શાળામાં અને શાળા બહાર અનેક ખંડનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરે છે. શાળાઓમાં ગપ્પા મારવાં, તોડફોડ કરવી, ભાગી જવું, ખોટી ખોટી વાતો કરવી તેમજ નશીલા દ્રવ્યોનું સેવન કરીને પોતાનો અમૂલ્ય સમયને વેડફી દેતા હોય છે પરિણામે જોઈતી પ્રગતિ સાધી શકતા નથી.

કોઈ પણ વ્યક્તિ માનવી તરીકે જીવવા માટે સમાજમાં કોઈના કોઈ ઉત્પાદક શ્રમ બાબતે સંશોધકને તેના અભ્યાસ માટે મર્યાદિત કરે છે. આમ સંશોધકને યોગ્ય સાધનો અને નમૂના પસંદગીની મદદ લેવી પડે છે. સંશોધનના સંદર્ભમાં મહત્ત્વની પ્રેરકરૂપ સંબંધિત સાહિત્યની સમીક્ષા અહીં દર્શાવેલ છે.

## 2. સૈદ્ધાંતિક સાહિત્યની સમીક્ષા

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ - 12ના વિદ્યાર્થીઓમાં રહેલી શૈક્ષણિક સિદ્ધિઓ અને ફુરસદના સમયનો ઉપયોગ તેમજ અભ્યાસ ટેવોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. તેથી પ્રયોજકે શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ ફુરસદના સમયની પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓની અભ્યાસ ટેવો વગેરે વિશે અભ્યાસ કર્યો હતો. જેના વિશેની માહિતી સંશોધકે નીચે પ્રમાણે આપી છે.

ફુરસદના સમયની પ્રવૃત્તિઓ ફુરસદનો સમય વ્યક્તિની ભૌતિક અને સામાજિક જરૂરિયાતો પૂરી પાડવાના સમય પર આધાર રાખે છે. આ જરૂરિયાતો ઘટાડીને જ ફુરસદનો સમય વધારી શકાય અથવા તો જરૂરિયાતો છે, તેની કાર્યશક્તિ વધારીને કામ કરવાની ઝડપ વધારીને પણ ફુરસદનો સમય વધારી શકાય, ખાવા-પીવા, રમવાની તેમજ બીજી કેટલીક રોજીંદી પ્રવૃત્તિઓમાં ખર્ચાતા સમયમાં ઘટાડો કરીને પણ ફુરસદનો સમય વધારી શકાય છે.

પ્રાચીન સમયમાં એથેન્સ, રોમમાં અને અને આજે અમેરિકા જેવા દેશોમાં ફુરસદને વિશિષ્ટ વર્ગનો ખાસ હક્ક ગણવામાં આવતો હશે.

### 3. અભ્યાસના હેતુઓ

- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો ફુરસદ સમયનો ઉપયોગ અને અભ્યાસ ટેવો તપાસવા પ્રશ્નાવલિની સંરચના કરવી.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

### 4. અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન અભ્યાસ નીચેના પ્રશ્નોના જવાબ મેળવવા હાથ ધરવામાં આવ્યો હતો.

- વિદ્યાર્થીઓ ફુરસદના સમયમાં કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે ?
- વિદ્યાર્થીઓ અભ્યાસની કઈ ટેવો ધરાવે છે?
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કેવા પ્રકારની છે ?
- વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ફુરસદના સમયે કેવા પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે?

### 5. સંશોધનના નમુનો

પ્રસ્તુત સંશોધનનો નમુનો આ પ્રમાણે છે. શૈક્ષિક વર્ષ 2023-24ની રીસર્ચરે પ્રસ્તુત સંશોધન અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની 10 ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પૂરતો અભ્યાસનો નમુનો પસંદ કર્યો હતો.


### 6. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વરચિત પ્રશ્નાવલિ ઉપયોગ કર્યો હતો.

શાળામાં ફુરસદના સમયમાં શું કરો છો ?

| વર્ગ | પ્રથમ | | બીજો | | ત્રીજો | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1. | 21 | 84% | 16 | 64% | 12 | 48% |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2. | - | - | 05 | 20% | 06 | 24% |
| 3. | 04 | 16% | 04 | 16% | 07 | 28% |
| 4. | - | - | - | - | - | - |
| કુલ | 25 | 100% | 25 | 100% | 25 | 100% |




**7. માહિતીનું પૃથક્કરણ**

ઉપકરણની મદદથી માત્ર માહિતી ભેગી કરવાથી સંશોધનનું કાર્ય પૂર્ણ થતું નથી. પરંતુ સંશોધકે મેળવેલ માહિતીને જરૂરીયાત મુજબ પદ્ધતિસર ગોઠવવી જોઇએ. જેથી મેળવેલ માહિતીનું પૃથક્કરણ વ્યવસ્થિત થઇ શકે. ઉપરોક્ત લઘુસંશોધન કાર્યમાં પ્રશ્નાવલિનાં પ્રત્યેક વિદ્યાર્થીઓને પસંદ કર્યા તે પ્રશ્નવાર નક્કી કરવામાં આવ્યું છે અને આવૃત્તિ શોધીને તેની માહિતી નીચે મુજબ વિભાગોમાં વહેંચવામાં આવી છે.

- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની ફુરસદના સમયની પ્રવૃત્તિઓ ઉપર અસર.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની અભ્યાસ ટેવો ઉપર અસર.

- વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સિદ્ધિની ફુરસદના સમયની પ્રવૃત્તિઓ ઉપર અસર.
- વિદ્યાર્થિનીઓની શૈક્ષણિક સિદ્ધિની અભ્યાસ ટેવો ઉપર અસર.

## 8. તારણો

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની ફુરસદના સમયની પ્રવૃત્તિઓ અને અભ્યાસ ટેવો ઉપર અસરના અભ્યાસના તારણો આ પ્રમાણે છે.

- પ્રસ્તુત સંશોધનમાં શાળામાં ફુરસદના સમયમાં પ્રથમ, બીજો અને ત્રીજો વર્ગ મેળવનાર વિદ્યાર્થીઓને અભ્યાસ કાર્ય કરવું વધુ ગમે છે. તેથી કહી શકાય કે, જેમ અભ્યાસ પ્રત્યે રસ વધુ તેમ શૈક્ષણિક સિદ્ધિ ઊંચી રહે છે.
- ઊંચી શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ ફુરસદના સમયમાં અભ્યાસિક પ્રવૃત્તિ કરે છે.
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ત્રણેય વર્ગના વિદ્યાર્થીઓ ભાગ લેવાનું પસંદ કરે છે.
- ઊંચી સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને વાધ સંગીતની તબલા વાદન પ્રવૃત્તિ વધુ ગમે છે.
- પુસ્તકાલયમાં પ્રથમ વર્ગના, બીજા વર્ગના અને ત્રીજા વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસને લગતા પુસ્તકો વાંચવાની સારી ટેવ વિકસાવી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## સંદર્ભસૂચિ


- ઉચાટ, ડી. એ. (1988). સંશોધન સંદોહન. શિક્ષણશાસ્ત્ર ભવન, રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
- ઉચાટ, ડી. એ. (2009), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ: સાહિત્ય મુદ્રણાલય
- પટેલ, જી.બી. અને સોલંકી, એફ.આર. (1971). સિદ્ધિપ્રેરણા. વિસનગર: ટીચવેલ પ્રકાશન
- દેસાઇ, એસ.જી. (1973). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
- દેસાઇ, કે. જી. અને આર. પી. શાહ અને અન્ય (1992), શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
- Chandra, S.S. and R.K. Sharma (2004), Research in Education, Atlantic Publishers & Distributors (P) Limited
- Guruvaiah, Katta (2021), "Academic Achievement Motivation Of Slow Learners In Relation To Gender, Parental Education And Family Income" In International Journal Of Multidisciplinary Educational Research-5.16 (2.286): 113-117
- Pathak, R.P. (2008), Methodology of Educational Research, Atlantic Publishers & Distributors (P) Limited